# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોનઃ ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેકસ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા.૦૪-૦૯-૨૦૨૨**

વડોદરા જીલ્લાની ભાજપા શાસીત ડભોઈ નગરપાલિકામાં રાજ્ય સરકારે મંજુર કરેલ ૩૨ સફાઈ કામદારોના મહેકમ ભરતીમાં રૂ. ૩ થી ૭ લાખ ઉઘરાવીને તથા ભાજપના હોદ્દેદારો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓના સગાઓની 'વિનામુલ્યે' ભરતી કરી હોવાનો તથા પરંપરાગત રીતે સફાઈ કરતા વાલ્મીકી સમાજ તથા નગરપાલિકાના રોજમદારોનો લગભગ એકડો કાઢી નાખવા બાબતે ઉઘરાણું કરતા ઓડીયો તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સણસણતો આક્ષેપ કર્યો હતો.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે પત્રકારો સમક્ષ સફાઈ કામદારો તરીકે ભરતી થયેલ ઉમેદવારોનો ભાજપના આગેવાનો સાથેના સંબંધો તથા પસંદગી સમિતિના સભ્ય તથા નગરપાલિકાના નેતાશ્રી બિરેન શાહ ના પસંદ થયેલા ઉમેદવાર મયુર અભેસીંગ ચુનારા પાસે રૂ. ૧.૭૫ લાખની ઉઘરાણી કરતી ટેલીફોન ઓડીયોની કલીપ પત્રકારો સમક્ષ રજુ કરી હતી.

| પસંદ થયેલા ઉમેદવારોનો ભાજપ સાથેનો સંબંધ | | |
|---|---|---|
| ક્રમ | પસંદ થયેલા કર્મચારીનું નામ | કોનો સગો છે ? |
| ૧ | રાજપુત ધર્મેશ ગણપતભાઈ | વોર્ડ નં.૮ના ભાજપના ચુંટાયેલા સદસ્ય હિનાબેન ગણપતભાઈના સગાભાઈ |
| ૨ | સોલંકી અલ્પેશભાઈ મનહરભાઈ | ભાજપના સંગઠનના હોદ્દેદાર નિલેશ સોલંકીનો સગોભાઈ |
| ૩ | પટેલ કોપિન મનોજભાઈ (બી.કોમ) | યુવા ભાજપ મહામંત્રી પ્રેમલ પટેલનો સગોભાઈ |
| ૪ | સોલંકી પ્રશાંત વિજય (બી.એ.) હાલ (સેનેટરી ઈન્સ્પેક્ટર) | ભાજપના માજી પ્રમુખ તથા ઉમેદવાર સોનલબેન સોલંકી શ્રીના સગા દિયર |
| ૫ | રાણા ભાવેશ જગદીશ | યુવા ભાજપના ઉપપ્રમુખ તથા વોર્ડ નં.૬ના ઉમેદવાર |
| ૬ | રાણા પીંકેશ સંજયભાઈ | ભાજપના માજી કાઉન્સીલર તથા બક્ષીપંપ મોરચાના હોદ્દેદાર અરવિંદ રાણા શ્રીના જમાઈ |
| ૭ | વસાવા ચૈતન્ય મહેશભાઈ | ભાજપના માજી કાઉન્સીલર તથા ભાજપના મહિલા આગુવાન શહેર મંત્રીશ્રી કપીલાબેન મહેશ વસાવા ના દિકરા તથા પસંદગી સમિતિના સભ્ય સચીવશ્રીના પુત્ર |
| ૮ | વસાવા આકાશ દીલીપભાઈ | વોર્ડ નં.૨ના ભાજપના વર્તમાન કાઉન્સીલર રંજનબેન વસાવા તથા માજી કાઉન્સીલર દિલીપ વસાવાના સગા દિકરા |
| ૯ | રેખાબેન ભગવાનભાઈ સોલંકી | ભાજપ એસ.સી. સેલના પ્રમુખ બીપીન સોલંકીના સગા ભાભી |
| ૧૦ | બિપીન સોલંકી (વેઈટીંગમાં) | ભાજપ એસસી સેલના પ્રમુખ |

દસ્તાવેજી પુરાવાઓ પ્રમાણે ૩૨ માંથી ૨૭ જગ્યાઓ ઉપર ઉમેદવારોની પસંદગી કરીને નિમણુંકના હુકમો આપી દેવામાં આવેલ છે. તથા પાંચ ઉમેદવારોને પ્રતિક્ષા યાદીમાં મુકવામાં આવેલ છે. પસંદ કરેલ ૨૭ પૈકી ૯ ભાજપના ચુંટાયેલા સદસ્યો અને ભાજપના મુખ્ય હોદ્દેદારોના પરિવારજનોને પસંદગી આપેલ છે. ભાજપના

આગેવાનોના સંતાનો કે સગાઓને "વિનામૂલ્યે" "સફાઈ કામદાર" તરીકે નિમણુંકના ઓર્ડર આપેલ છે. જ્યારે બાકીના ૧૮ સફાઈ કામદારોના હુકમો મેળવનાર પાસેથી રૂ. ૩ થી ૭ લાખ સુધીનું ઉઘરાણું થયું હોવાના ઓડીયો કલીપો બહાર આવી છે. આ ઓડીયો કલીપમાં રૂ. બે લાખ એડવાન્સ અપાયાનું સ્વીકારીને બાકીની રકમ તાકીદે ચુકવી આપવા નહીં તો આપેલો હુકમ રદ કરવાની ધમકી આપતો ફોન ભાજપ નગરપાલિકા પક્ષના નેતા તથા પસંદગી સમિતિના સભ્યશ્રી બિરેન શાંતિલાલ શાહનો નિમણુંક માપનાર ચુનારા મયુરભાઈ અભેસિંહ કરી રહ્યાં છે.

સૌથી આઘાતજનક બાબત તો એ છે કે ગુજરાતનો વાલ્મીકી સમાજ જે સામાન્ય રીતે સફાઈ કામદાર તરીકે પેઢીઓથી કામગીરી કરે છે. આ વાલ્મીકી સમાજના ઉમેવારોનો તો પસંદગીમાંથી લગભગ એકડો જ કાઢી નાંખવામાં આવ્યો છે. કુલ ૨૭માંથી માત્ર ૭ જ વાલ્મીકી સમાજના ઉમેદવારોની પસંદગી થઈ છે તે પણ પૈસા લઈને જાહેરાતમાં દર્શાવ્યા મુજબ સફાઈ કામદારની શૈક્ષણીક લાયકાત માત્ર લખતાં-વાંચતાં આવડતું હોવું જોઈએ તેટલું જ હોવા છતાં ધો. ૧૦-૧૨ કે ગ્રેજ્યુએટ થયેલા ઉચ્ચ વર્ણના ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. નિયમ મુજબ હાલમાં રોજમદાર મસ્ટર ઉપરના કામદારોને પ્રથમ પસંદગી આપવાની હોવા છતાં આ નિયમનું ઉલ્લંઘન થયેલ છે. "સફાઈ કામદાર" તરીકે ભરતી થયેલા આ ભાજપના સગાઓ કે લાખો રૂપિયા આપીને સફાઈ કામદાર તરીકે નિમણુંક પામેલ ઉચ્ચ વર્ગના ઉમેદવારો શહેરની સફાઈ કરવાને બદલે પ્રજાના ટેક્ષથી ચાલતી નગરપાલિકાના તિજોરીની જ સફાઈ કરશે.

ભરતી પ્રક્રિયાની વિગતો આપતાં શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે તા.૧૭-૯-૨૦૧૭ના પત્રથી ગુજરાત સરકારે ડભોઈ નગરપાલિકામાં કુલ ૩૨ સફાઈ કામદારોની કાયમી ભરતી કરવાની મંજુરી આપી હતી. ડભોઈ નગરપાલિકાએ ઠરાવ કરીને પસંદગી સમિતિની રચના કરી હતી. નગરપાલિકાએ તા.૧૭-૨-૨૦૨૨ના વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને સફાઈ કામદારની ભરતી કરવા માટેની અરજીઓ મંગાવી હતી. કુલ ૪૧૫ અરજીઓમાંથી ૩૮૯ અરજીઓ માન્ય રાખવામાં આવી હતી. તા.૧૬-૬-૨૦૨૨ના રોજ નગરપાલિકાની ભરતી સમિતિ જેમાં પ્રમુખ શ્રીમતી કાજલબેન દુલાણી, કારોબારી ચેરમેનશ્રી વિશાલ શાહ, વધારાના નગરપાલિકાના સદસ્ય બિરેન શાહ, પ્રાદેશીક કમિશ્નરના પ્રતિનિધિ અધિકારીશ્રી સંજય બી. પટેલ તથા ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી એ. એચ. સિંહાની સમિતિએ ૨૭ ઉમેદવારોની તથા ૫ પ્રતિક્ષા યાદી પરના ઉમેદવારોની પસંદગી કરી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે ૩૮૯ ઉમેદવારોના એક જ દિવસમાં માત્ર પાંચ કલાકમાં જ “ગોઠવણ” મુજબ ઈન્ટરવ્યુ પુરા કરવામાં આવ્યા હતા. ચીફ ઓફિસર તો માત્ર સહી કરવા જ આવ્યા હતા.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ભાજપને "ભારતીય જગલરી પાર્ટી" ગણાવીને જણાવ્યું હતું કે, નગરપાલિકાના કાનુન મુજબ નગરપાલિકાના ચુંટાયેલા સભ્યશ્રીઓના સગાઓની કર્મચારી તરીકે નિમણુંક કરાય તો ચુંટાયેલા સભ્યશ્રી સભ્યપદેથી ગેરલાયક ઠરે છે અને ઉમેદારો પાસેથી રૂ. ૩ થી ૭ લાખ સુધીનું ઉઘરાણું કરીને નિમણુંક કરેલ હોય લાંચ-રૂશ્વત ધારા હેઠળ ગુનો બને છે. આ બાબતે પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, વડોદરાના અધિકારી તથા ચીફ ઓફિસરશ્રી પણ સંડોવાયેલા છે. આ ઉપરાંત પરંપરાગત રીતે સફાઈની કામગીરી કરતા વાલ્મીકી સમાજનો હક્ક ઝુંટવીને જે લોકો સફાઈ કામગીરી કયારેય કરી નથી કે કરવાના પણ નથી તેવા વોર્ડના ઉમેદવારોને નિમણુંક આપીને ડભોઈ શહેરના પ્રજાજનોનો પણ દ્રોહ કર્યો છે. ઉઘરાવેલાં નાણાંમાંથી કેટલાં નાણાં વડોદરા, અમદાવાદ કે ગાંધીનગરના “કમલમ્” માં પહોંચ્યા છે તે પણ એક તપાસનો વિષય છે. આ સમગ્ર ઘટનાની લાંચ રૂશ્વત વિભાગ મારફતે ગુજરાત હાઈકોર્ટની સીધી નિગરાની હેઠળ તપાસ કરવાની તથા સમગ્ર ભર્તી પ્રક્રિયા રદ કરવાની શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માંગણી કરી હતી.

**(ડૉ. મનીષ એમ. દોશી)**

મુખ્ય પ્રવક્તા

## ટ્રાન્સક્રિપટ ઓડિયો કલીપ-૧

| | |
|---|---|
| ઉમેદવાર મયુર ચુનારા: | હાલો |
| મીડીએટર જીગાભાઈઃ | હાલો |
| ઉમેદવાર મયુર ચુનારા: | હા હાલો |
| મીડીએટર જીગાભાઈઃ | કોણ બોલો |
| ઉમેદવાર મયુર ચુનારા: | બોલોને, તમે બોલતા નહીં ને, શું કહો છો, |
| મીડીએટર જીગાભાઈઃ | અરે પેલાના પૈસા આપવાના છે |
| ઉમેદવાર મયુર ચુનારા: | અરે બિરેનભાઈને પરમ દિવસે, હા પણ બિરેનભાઈને પરમ દિવસે મળવા તો કો |
| મીડીએટર જીગાભાઈઃ | આજે કયો દિવસ થયો, આ કેમની વાત છે. |
| ઉમેદવાર મયુર ચુનારા: | સાંભળો, મારી વાત સાંભળો, મારી વાત સાંભળો, અંદર એવું કશું છે નથી, પૈસા લેવા પરમ દિવસે પણ ગયોતો, મારો ભાઈ બહુ મગજમારી કરે છે, મારા ભાઈને મકાન લેવું છે ને એ પૈસા મારી જોડેથી લેવા નહીં દેતો, પૈસા તૈયાર લઈને બેઠા છે બોલો ૧૮ લાખ રૂપિયા લેવાના છે, તૈયાર લઈને બેઠા છે, મારો ભાઈ બહુ મગજમારી કરે છે મારી જોડે |
| મીડીએટર જીગાભાઈઃ | અલા ભઈ એ પ્રશ્ન આપણો પોતાનો છે પ્રશ્ન છે. |
| ઉમેદવાર મયુર ચુનારા: | યાર ફેમિલી મેટર છે મારી, ના નહીં કેતા જીગા ભાઈ |
| મીડીએટર જીગાભાઈઃ | સાંભળી લે, હું તને એક વસ્તુ કહી દઉં, તું બે-ચાર દાળામાં પૈસા નહીં આપેને તો |
| ઉમેદવાર મયુર ચુનારા: | થઈ જશે પાક્કુ |
| મીડીએટર જીગાભાઈઃ | ના ના ના... બે દિવસમાં તું સાંભળી લે મારી વાત |
| ઉમેદવાર મયુર ચુનારા: | હ.... |
| મીડીએટર જીગાભાઈઃ | આ તને બહુ હકીકત કહી દઉં માણસે ચોખ્ખુ કહી દીધું કે પછી જીગા મને કેવા ના આવતો, બરાબર, આ મેં તને સાચી વસ્તુ કહી દિધી |
| ઉમેદવાર મયુર ચુનારા: | ચાર દિવસમાં પૈસા નહીં આવે તો મારૂ નામ લીસ્ટમાંથી કાઢી નાંખજો |
| મીડીએટર જીગાભાઈઃ | હા કાઢી નાંખશે, પ્રેમથી કાઢી નાંખશે અને બે લાખ રૂપિયા ભી પછી એ તને બે-ચાર મહિને જ આપશે. |
| ઉમેદવાર મયુર ચુનારા: | અરે પણ આપણે એવું કરવું ભી નહી ને જીગાભાઈ |
| મીડીએટર જીગાભાઈઃ | તારા પૈસા, અલા નથી કરવું એ તો હું જાણું છું, નથી કરવાનું પણ આપણે કમીટમેંટ કરેલ તે આપી દેવાના ને યાર |
| ઉમેદવાર મયુર ચુનારા: | આપી દેવાના, પાક્કુ આપી દેવાના |
| મીડીએટર જીગાભાઈઃ | તારાથી પેલેથી નહોતું થાય એવું તો પછી તારે વાત જ નોતી કરવાની |
| ઉમેદવાર મયુર ચુનારા: | અરે યાર પૈસાનું, તમને કહું મેં અંબાના હાથમાં, પૈસાનો હાથમાં કોળીયો છે, મારા ભાઈના હિસાબે બધી મા ફળાઈ છે, તમને બધું શું કહું જીગાભાઈ, |
| મીડીએટર જીગાભાઈઃ | અલા, એક વસ્તુ સાંભળી લે, એકલા બિરેનના હાથમાં નથી, સાંભળી લે |
| ઉમેદવાર મયુર ચુનારા: | મને તે દાળે એવું જ કીધું, મને તે દાળે બોલાયાતાને, તે દિ પર મને ભેગા થયાતા, મને કે મયુર બધું મારા એકલાના નથી |
| મીડીએટર જીગાભાઈઃ | આજે ચાર દાળા પછી પણ તારાથી પૈસા નહીં થાય તો મારે ફરીથી કેવાનું કે બીજા ચાર દાળા ખેંચ તું ભઈ હવે |
| ઉમેદવાર મયુર ચુનારા: | દેખો, મેં આજે |

| | |
|---|---|
| મીડીએટર જીગાભાઈઃ | તું એક વસ્તુ સાંભળ, મારી બધી વાત છોડ દે, તું ૧૦ દિવસ પહેલાં આપડે વાત થઈ તી બરાબર, |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | હં.... |
| મીડીએટર જીગાભાઈઃ | તે ટાઈમે તે મને શું કીધું કે બે દાળામાં પૈસા આપી દઉં છું |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | મેં એમને એવું બોલોતો. |
| મીડીએટર જીગાભાઈઃ | સાંભળ, સાંભળ આજે શુક્રવાર થયો ભયલા |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | હા મેં મંગળ-બુધવારની વાત કરીતી કહું છું, મે સોમવાર પૈસા લેવા ગયોતો પણ |
| મીડીએટર જીગાભાઈઃ | તારી પાસે બિરેનનો નંબર છે ને, |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | છે છે છે છે. |
| મીડીએટર જીગાભાઈઃ | તું હમણા કોલ કર લે, પછી એવું ના થાય કે સાંજે મારે પુછવું પડે કે, કોલ ના કર્યો અલા |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | શું કહું બિરેનભાઈ ને બોલો, તમે કો એવું કહી દઉં |
| મીડીએટર જીગાભાઈઃ | કહી દે ને કે ભઈ, આવું છે, પૈસા થઈ ગયા છે, હું તમને આપું એક બે દાળામાં, કરી આપું, આવું કહી દે ને, જે હોઈ તે કહી દે તું |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | કહી દઉં, કહી દઉં, હમણાં જ ફોન કરીને કહી દઉં |
| મીડીએટર જીગાભાઈઃ | આમા શું છે આ મારી ...... (અપશબ્દ) માર્યા કરે છે. |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | ના ના જીગાભાઈ, મેં કહી દઉં છું, બસ હમણે જ ફોન લગાવીને વાત કરી લઉં છું, બરાબર છે, |
| મીડીએટર જીગાભાઈઃ | હા તું કર લે વાત એને, તું જે હોઈ તે ચોખ્ખું કહી દે તું એને |
| ઉમેદવાર મયુર ચુનારાઃ | અરે પાક્કું પાક્કું, મેં કહી દઉં, મેં હમણાં જ ફોન કર દઉં |
| મીડીએટર જીગાભાઈઃ | હા |

## ટ્રાન્સક્રિપટ ઓડિયો કલીપ-૨

| | |
|---|---|
| ઉમેદવાર મયુર ચુનારા: | બિરેન કાકા મયુર બોલું. |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | અહ્હ |
| ઉમેદવાર મયુર ચુનારા: | મેં શું કહું છું, મંગળ, બુધવારે તમારૂ સેટીંગ થઈ જશે, પૈસાનું, પાક્કું |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | અરે ભઈ, હવે તો તું જીગર જોડે ફાઈનલ કરી લે બધું, કાલ પરમદાળે તને ઓર્ડર આપીશું, કાલ પરમ દિવસે, તારી જોડે કયાં વાત કરી. |
| ઉમેદવાર મયુર ચુનારા: | અરે પણ પાક્કું, બિરેન કાકા પાક્કુ, મંગળવાર, બુધવારે ફાઈનલ તમારે, જીગાભાઈના હાથમાં જ આપી દઈશ. |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | એવું મંગળવાર કીધું તું તેને ચાર-પાંચ દિવસ થઈ ગયા, શનિવાર, શુક્રવાર આવી ગયો,<br>શનિ, રવિ, સોમ ને મંગળવાર કે છે. |
| ઉમેદવાર મયુર ચુનારા: | હવે મંગળ, બુધવારનો ચેક આયેલો છે, ચેક વટાવીને તમને આલીશ, એટલે કહું છું, હમણે<br>ચર્ચા થઈ ગઈ છે મારી, મંગળ-બુધવારે તમને.... |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | એ બધું તારે જોવાનું મારે નહીં જોવાનું યાર, તું ચેક લાવે કે કેશ લાવે કે ડીડી લાવે |
| ઉમેદવાર મયુર ચુનારા: | ને તમારે કેશ જ આપવાનું ને, તમને કેશ જ આપવાનું છે |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | હા ભાઈ એ તારે જોવાનું બકા |
| ઉમેદવાર મયુર ચુનારા: | કયારે જોઈએ છે તમને, કાલે જોઈએ તમને પૈસા |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | હા મને કાલે જોઈએ તો કાલે આલ, રવિવારે તો રવિવારે આલ, બરાબર છે, એક દિવસ બરાબર છે. તું હજુ ભી પાંચ દિવસ કે તો મન તો |
| ઉમેદવાર મયુર ચુનારા: | ના મંગળ-બુધવારની વાત કરૂં છું, મંગળ-બુધવારનો ચેક આયેલો છે મને એમને, તમે કો એવું કરૂં |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | બીજે પાસેથી ઉછીના લઈ લે, કરીને આલ દે, મંગળ-બુધના વાયદે |
| ઉમેદવાર મયુર ચુનારા: | એ તો એમ જ કરીએ |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | કાલ પરમ દિવસે થાય એવું કરીને મને એક દિવસ કે જે, હો |
| ઉમેદવાર મયુર ચુનારા: | હા હા કશો વાંધો નહીં કરી લઉં છું મેં |
| ભાજપ આગેવાન બિરેન શાહ: | હા |